# મહર્ષિ વાલ્મિકીય રામાયણના અયોધ્યાકાંડમાં જોવા મળતા મૂલ્યોનો અભ્યાસ

હેતલબેન સોની

## ૧.પ્રસ્તાવના

રામાયણ એ મહર્ષિ વાલ્મીકિ દ્વારા લખેલ સંસ્કૃત સાહિત્યનું અનુપમ મહકાવ્ય છે.રામાયણમાં સાત અધ્યાય છે જે સાત કાંડના નામથી ઓળખવામાં આવે છે.બાલકાંડ,અયોધ્યાકાંડ,અરણ્યકાંડ,કીશ્કીન્ધાકાંડ,સુંદરકાંડ યુદ્ધકાંડ અને ઉત્તરકાંડ. મહર્ષિ વાલ્મિકીય રામાયણએ દ્વારા આપણને સારું અને સ્વસ્થ જીવન કેવી રીતે જીવવું તેનું માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. રામાયણ દ્વારા મૂલ્યોનું સિંચન કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન આપણને પ્રાપ્ત થાય છે અહી આપણે અયોધ્યાકાંડમાં જોવા મૂલ્યોનો અભ્યાસ કરીશું.

## ૨. વ્યક્તિગત મૂલ્યો

અયોધ્યાકાંડના મૂલ્યોનું વિશ્લેષણ કરતા તેમાંથી સંયમી, જ્ઞાની, વિદ્વાન, આનંદી, શત્રુસૂદન, શ્રેષ્ઠતા, મનસ્વી, મધુરભાષી, કમલનયન, શ્યામસુંદર, ઈશ્વાકુકુળનંદન, પુરુષશ્રેષ્ઠ, બુદ્ધિશાળી, મહર્ષિ, રઘુકુળ શીરોમણિ, શક્તિશાળી, વિદ્વાન, નિપુણ, તેજવાન, મહર્ષિ, આકર્ષક, વગેરે જેવા વ્યક્તિગત મૂલ્યો નિષ્પન્ન થાય છે.

- વ્યક્તિએ કોઈપણ પરિસ્થિતિમાં સંયમ રાખી બુદ્ધિનો ઉપયોગ કરી સારી રીતે કાર્ય કરવું જોઈએ.
- વ્યક્તિએ કોઈપણ મુશ્કેલીવાળી પરિસ્થિતિમાં પણ આનંદમાં રહીને કાર્ય કરવું જોઈએ જેથી કાર્ય સફળ રીતે થઈ શકે.
- વ્યક્તિએ પોતાની બુદ્ધિ,નિપુણતા અને મધુરવાણીનો ઉપયોગ કરીને કાર્ય કરવું જોઈએ.
- દરેક વ્યક્તિએ પોતાના વ્યક્તિત્વને આકર્ષક બનાવવું અને પોતાના સારા કાર્યોથી શ્રેષ્ઠતા મેળવવી જોઈએ.

## ૩. સામાજિક મૂલ્યો

અયોધ્યાકાંડના મૂલ્યોનું વિશ્લેષણ કરતા તેમાંથી અભિષેક, પુત્રસ્નેહ, કરૂણા, ભ્રાતૃપ્રેમ, પતિસ્નેહ, રાજાસ્નેહ, ગ્રામજનોની સીતા પ્રત્યે સહાનુભૂતિ,પુત્રશોક,રાજાપ્રતિ સ્નેહ જેવા સામાજિક મૂલ્યો જોવા મળે છે.

- કુટુંબમાં રહેતા દરેક વ્યક્તિએ ભાઈ બહેન,માતા-પિતા,પતિ-પત્ની દરેકે એકબીજાનું મહત્વ સમજવું અને પ્રેમભાવ રાખવો જોઈએ
- કોઈપણ સ્ત્રીની વિકટ ભરેલી પરિસ્થિતિમાં તેને મદદરૂપ અને સહાયક થવું જોઈએ અને કરૂણાભાવ રાખવો જોઈએ.

## ૪. નૈતિક મૂલ્યો

મૂલ્યોનું વિશ્લેષણ કરતા તેમાંથી નમ્રતા આજ્ઞાંકિતતા,હિતેચ્છુ જેવા નૈતિક મૂલ્યો પ્રતિબિંબિત અયોધ્યાકાંડના થાય છે.

- વ્યક્તિ જેના આશ્રિત હોય તેમની આજ્ઞાનું પાલન નમ્રતાથી કરવું જોઈએ.
- વ્યક્તિએ હંમેશા અન્ય વ્યક્તિ પ્રત્યે હિતભાવના રાખવી જોઈએ.

## ૫. આધ્યાત્મિક મૂલ્યો

અયોધ્યાકાંડના મૂલ્યોનું વિશ્લેષણ કરતા તેમાંથી ધર્મજ્ઞ,દાન, ઉપાસના,અનુષ્ઠાન અને તપસ્યા જેવા આધ્યાત્મિક મૂલ્યોની ઝાંખી થાય છે.

- દરેક વ્યક્તિએ હમેશા ઈશ્વર પ્રતિ આસ્થા રાખવી જોઈએ ધર્મકાર્યો પણ કરવા જોઈએ.
- જરૂરિયાતવાળા પ્રત્યેક વ્યક્તિને મદદરૂપ થવું જોઈએ દાન પુણ્ય કરવું જોઈએ.
- વ્યક્તિએ પોતાના જીવનનું ચરમ લક્ષ્ય સિદ્ધ કરવા ઈશ્વરની આરાધના,અનુષ્ઠાન,અને તપસ્યા કરી જીવનના ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

## ૬.સાંસ્કૃતિક મૂલ્યો

અયોધ્યાકાંડના મૂલ્યોનું વિશ્લેષણ કરતા તેમાંથી રાજ મહેલનો વૈભવ અને અમંગલ સૂચક સંકેત જેવા સાંસ્કૃતિક મૂલ્યો જોવા મળે છે.

- દરેક વ્યક્તિએ આપણને મળેલ ભવ્ય સંસ્કૃતિક વરસાનું જતન કરવું જોઈએ.

Vol. 5, Sp. Issue: 2, February: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

## ૭. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસમાં મહર્ષિ વાલ્મિકીય રામાયણના અયોધ્યાકાંડમાંથી નિહિત થતા વ્યક્તિગત,સામાજિક, આધ્યાત્મિક,નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્ય  જેવા મૂલ્યોની ઝાંખી થાય છે જેના દ્વારા વર્તમાન સમયમાં માનવી કેવી રીતે જીવન જીવવું જેનો માર્ગ પ્રશસ્ત થાય છે  જેનાથી માનવી કપરી અને મુશ્કેલ પરિસ્થિતિમાં સરળતાથી અને સહજ  જીવન જીવી શકે .

## સંદર્ભ સૂચિ


૧. ભટ્ટાચાર્ય,એચ.એમ (૧૯૫૭). તત્વજ્ઞાનના સિધ્ધાતો.કલકત્તા: યુનિ.પ્રકાશનો.

૨. દેસાઈ, હરિભાઈ.જી (૧૯૭૦).સંશોધન અહેવાલ.રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૩. શાહ, દિપીકા બી.(૨૦૦૪). શૈક્ષણિક સંશોધન.અમદાવાદ.યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

૪. વાલ્મીકિય રામાયણ ગીતાપ્રેસ ગોરખપુર.

૫. અમીન, આનંદભાઈ એન. શ્રી વાલ્મીકિ રામાયણ.સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ,ભદ્ર અમદાવાદ. શબ્દકોષ.

૬. દવે, જયેન્દ્ર (૧૯૯૮).“ કેળવણીના તાત્વિક આધારો ” યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય ,અમદાવાદ.

૭. રાવલ, નટુભાઈ અને અન્ય .(૨૦૦૪). “વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક” નીરવ પ્રકાશન, ગુજરાત રાજ્ય અમદાવાદ.